અપીલ અરજી નં.૨૪૮ તા.૫–૧૧–૦૯ /૧૦

અરજદારઃ શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી
સામાવાળાઃ શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી,(ન.પ્રા.શિ.સ.)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૧૭–૯–૦૯ નીઅરજીથી (૧) છેલ્લા એક વર્ષમાં કેટલી અપીલ **RTI** હેઠળ કરવામાં આવી તેમાંથી કેટલી અપીલોનું હીયરીંગ રાખવામાં આવ્યું ? (૨) અપીલ અંગેના જવાબો તૈયાર કરી ભ્રષ્ટ અધિકારીઓને બચાવવા નિયત સમયમાં માહિતી ન આપવા બદલ મિ.ભાવસાર મનસ્વી જવાબો તૈયાર કરી રાઈટ ટુ ઈન્ફોરમેશન ના કાયદાનો ભંગ કરે છે. (૩) માહિતી **RTI** હેઠળ નાણાં ભર્યા પછી જ મળે છે છતાં અધૂરી માહિતી માટે નાણાંની પહોંચ માંગવાનો **RTI** નો નિયમની નકલ આપશો. (૪) આ સાથે જોડેલા તમામ પત્રકો(નમુના–ક)ની માહિતી રાઈટ ટુ ઈન્ફોરમેશનના અધિકારી શ્રી ભાવસાર મારફત મળે તેમ કરશો વિ. માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૫–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૪૮/૨૦૦૯–૧૦

શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૧૭–૯–૦૯ નીઅરજીથી (૧) છેલ્લા એક વર્ષમાં કેટલી અપીલ **RTI** હેઠળ કરવામાં આવી તેમાંથી કેટલી અપીલોનું હીયરીંગ રાખવામાં આવ્યું ? (૨) અપીલ અંગેના જવાબો તૈયાર કરી ભ્રષ્ટ અધિકારીઓને બચાવવા નિયત સમયમાં માહિતી ન આપવા બદલ મિ.ભાવસાર મનસ્વી જવાબો તૈયાર કરી રાઈટ ટુ ઈન્ફોરમેશન ના કાયદાનો ભંગ કરે છે. (૩) માહિતી **RTI** હેઠળ નાણાં ભર્યા પછી જ મળે છે છતાં અધૂરી માહિતી માટે નાણાંની પહોંચ માંગવાનો **RTI** નો નિયમની નકલ આપશો. (૪) આ સાથે જોડેલા તમામ પત્રકો(નમુના–ક)ની માહિતી રાઈટ ટુ ઈન્ફોરમેશનના અધિકારી શ્રી ભાવસાર મારફત મળે તેમ કરશો વિ.માહિતી આપવા બાબતે મુદ્દા નં.૪ ની શિક્ષણ સમિતિને લાગુ માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૮૨ તા.૧૩–૧૧–૦૯ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.૧૪૪ તા.૨૩–૧૧–૦૯ થી પુરક માહિતી અત્રેના વિભાગને પુરી પાડેલ છે.

અરજદારે તા.૧૭–૯–૦૯ નીઅરજીથી (૧) છેલ્લા એક વર્ષમાં કેટલી અપીલ **RTI** હેઠળ કરવામાં આવી તેમાંથી કેટલી અપીલોનું હીયરીંગ રાખવામાં આવ્યું ? (૨) અપીલ અંગેના જવાબો તૈયાર કરી ભ્રષ્ટ અધિકારીઓને બચાવવા નિયત સમયમાં માહિતી ન આપવા બદલ મિ.ભાવસાર મનસ્વી જવાબો તૈયાર કરી રાઈટ ટુ ઈન્ફોરમેશન ના કાયદાનો ભંગ કરે છે. (૩) માહિતી **RTI** હેઠળ નાણાં ભર્યા પછી જ મળે છે છતાં અધૂરી માહિતી માટે નાણાંની પહોંચ માંગવાનો **RTI** નો નિયમની નકલ આપશો. (૪) આ સાથે જોડેલા તમામ પત્રકો(નમુના–ક)ની માહિતી રાઈટ ટુ ઈન્ફોરમેશનના અધિકારી શ્રી ભાવસાર મારફત મળે તેમ કરશો વિ. માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશનર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી આરટીઆઈ સેલના પત્ર નં.આરટીઆઈ સેલ/૭૪૯ તા.૯–૧૦–૦૯થી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી પુરી પાડેલ છે. જયારે મુદ્દા નં.૪ ની માહિતી અંગે પત્ર નં.આરટીઆઈસેલ / ૭૦૮ તા.૩૦–૯–૦૯ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ન.પ્રા.શિ.સ. ને તબદીલ કરવામાં આવેલ. જે અંગેની માહિતી અત્રે તા.૨૩–૧૧–૦૯ ના પત્ર ક્રમાંક –૧૪૪ થી પુરી પાડવામાં આવેલ પુરક માહિતી પત્રમાં જણાવ્યાનુસાર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પત્ર નં.૧૦૮ તા. ૧૨–૧૦–૦૯ થી મુદ્દા નં.૪ ની વિગતો મોકલેલ છે એવું જણાવેલ. જેમાં જણાવ્યા મુજબ મુદ્દા નં.૪ ની માંગેલ માહિતી તથા અપીલ અરજી નં. ૧૨૪/૧૨૫/૧૨૬/૧૨૭ / ૧૨૮ / ૧૬૦ ના હુકમની નકલ આ સાથે મોકલવામાં આવેલ છે.. જયારે જાહેર માહિતી અધિકારી ધ્વારા અત્રેના વિભાગને મોકલવામાં આવેલ પૂરક વિગત જોતાં અરજદારે તા.૧૭–૯–૦૯ ના પત્રથી માંગેલ મુદ્દા નં.૪ ના અનુસંધાને અગાઉ થયેલ હુકમો તથા તેને આનુષાંગિક પત્રોની નકલો પૂરક વિગતોમાં અત્રે મોકલેલ હોવાનું જણાય છે. પરંતુ તા.૧૭–૯–૦૯ ની અરજીના અનુસંધાને માહિતી આપવા સબંધમાં કોઈ પ્રયત્ન કરેલ જણાતુ નથી.આરટીઆઈ આઈ એકટની કલમ –૬(૧) હેઠળ પ્રત્યેક અરજી સ્વતંત્ર હોય તેની માહિતી અલગથી આપવી રહે. અરજદારની મુળ અરજીના મુદ્દા નં.૪ ની વિગતો જોતાં તે અંગે તેમણે અગાઉથી તેમની અરજી તા.૫–૨–૦૯, ૩૧–૧૨–૦૮, ૨૨–૬–૦૭, ૧૬–૧–૦૯ ,૬–૩–૦૯ તથા ૩૦–૩–૦૮ ની નકલો બીડી તેમાં નિર્દિષ્ટ માહિતીની માંગણી કરેલ છે. જે પૈકી તા.૫–૨–૦૯ ની અરજીમા. પત્રોના નંબરો, રજીસ્ટર વિગેરેનો ઉલ્લેખ કરેલ છે. આમ માંગેલ માહિતી સ્પષ્ટ થઈ શકતી નથી આવા કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૭(૯) હેઠળ કાર્યવાહી હાથ ધરી શકાય.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૯–૦૯ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૪ ની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ ન હોઈ અરજદારને લાગત દફતરની તપાસણી પૂરી પાડી ઉપલબ્ધ દફતરી માહિતી અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ)ને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૨ –૦૯.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી,ન.પ્રા.શિ.સ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી